# કડી સર્વ વિશ્વવિદ્યાલય NSS સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી




**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના સેક્ટર-૨૩ કેમ્પસ સ્થિત બીસીએ, બીબીએ, બી.કોમ અને બી.એસસી. કોલેજોના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીસીએ, બીબીએ અને બી.કોમ કોલેજના ડીન, ડાયરેક્ટર ડૉ. રૂપેશ વ્યાસ, ડૉ. રમાકાંત પુષ્ટિ તથા ડૉ. વિજ્ઞા ઓઝાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ વર્ષની યોગ દિવસની ઉજવણી માટે બીસીએ કોલેજે મુખ્ય કેન્દ્ર તરીકે જવાબદારી નિભાવી હતી.

યોગ દિવસ નિમિત્તે કુલ ૩૧૦ વિદ્યાર્થીઓ, NSS સ્વયંસેવકો, અધ્યાપકો તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે વિશાળ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું જતન, જીવનશૈલીમાં સંતુલન અને એકાગ્રતા વધારવાના સંદેશ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા યોગગુરૂ મનોજભાઈ નાથુરામજી મેનસન દ્વારા ઉપસ્થિતોને વિવિધ યોગાસનો અને પ્રાણાયામની તાલીમ આપવામાં આવી હતી. નોંધનીય છે કે યોગક્ષેત્રે તેમના ૨૫ વર્ષથી વધુના નોંધપાત્ર યોગદાન બદલ તેઓને "ભાસ્કર રત્ન એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યા છે.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન યુનિવર્સિટી NSS સેલના પ્રોગ્રામ કોઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, સી.એ. કોલેજના પ્રોગ્રામ ઓફિસર પ્રો. હિમાની ગજ્જર તેમજ વિવિધ કોલેજોના પ્રોગ્રામ ઓફિસરો, અધ્યાપકગણ, બિનશૈક્ષણિક સ્ટાફ અને NSS સ્વયંસેવકોના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સૌએ "યોગઃ કર્મસુ કૌશલમ્"ના મંત્રને જીવનમાં આત્મસાત કરી સ્વસ્થ અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.